Saarth E-Journal

# Saarth E-Journal of Research

Email:sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X | Impact Factor
Peer Reviewed | Quarterly
Vol.8 No. 06 | July-Aug-Sep 2023

## ગુજરાતની કલા અને લોકસાંસ્કૃતિક વિરાસત

પરમાર સરોજબેન રમેશભાઈ, ડૉ. જયેશકુમાર એચ. વાઘેલા

**પ્રસ્તાવના :**

ગુજરાત લોકકલા અને સંસ્કૃતિ, સૌંદર્ય પ્રસાધનો, ઘરેણાં, વેશભૂષા, લોકસંગીત, લોકકથાઓ અને લોક-નૃત્યો, ઉત્સવો-પર્વોની પરંપરાઓ, મેળાઓ, ગુજરાતનો કલાવૈભવ, લોકભરત અને મોતી પરોવવાની આગવી કલા, ચિત્રની પરંપરા તેમાં ભીંતચિત્રો, પીઠોરામાં જણાતી પશુપ્રાણીઓ પ્રત્યે આત્મીયતામાટે પ્રસિદ્ધ છે અનેઆ શણગારો થકી માનવીય જીવનમાં ઉમંગ પાથરે છે. ગુજરાતમાં આવેલી વિવિધ પ્રજાતિઓના લોકો, પ્રજાને મનભાવન મનોરંજન પૂરૂં પાડી સતત તાજગી અને નવી આશાઓ ઉજાગર કરે છે.

ગુજરાતની ધરતી હજારો વર્ષની કલા, સંસ્કાર અને સંસ્કૃતિથી ધબકતી રહી છે. અહીં લોકજીવન પાસે લોકસંસ્કૃતિની અને લોકકલાની નીજી વિરાસત છે. જગતભરમાં જોટો ન મળે એવી આ લોકજાતિઓ પાસે પોતાની ભાતેગળ વસ્તાલંકાર, ધાતુપત્રો, લોક મનોરંજન, હથિયારો, મેળા, ઘરનું સ્થાપત્ય, આલેખ, લીંપણ અને ચીત્રણ છે. એમાંથી લોકકલાનું સૌંદર્ય જાણે એટલું જ વિશિષ્ટ છે. દેશ-વિદેશમાંથી લોકો સંશોધન કરવા ગુજરાત આવે છે તથા તેની માહિતી, તસ્વીર, ફિલ્મો તથા અધ્યયન સામગ્રીને લઈ જાય છે.

ગુજરાતીઓ માટે દેશ-પરદેશમાં જે ગૌરવ છે એ લોકસંસ્કૃતિ, લોકઉત્સવો, મેળાઓ, કામગીરી શૈલીનાં ભીંતચિત્રો, ગુર્જર સુથારોના કાષ્ઠકારણ, હીરભરત, મોતીભરત, પોથીભિત્રો, ચંદરવાનું છાપકામ, કટાણકામ, મોતી પરોવણું, લીપણ-નકશી, આલેખચિત્રો, રંગોળી, ઘાટસુધારનાં ઘરેણાં સાથે લોકજીવન એ ગુજરાતનો અસલ વારસો છે. લોક હૈયામાં આનંદનો અબીલગુલાલ ઉડાડનારાં લોકનૃત્યુ, ભવાઈ, બાવનપૂતળીનો ખેલ, વાદી, મદારી, નટ, બજાણિયા, નાથાવાવ, તુરી-બારોટ અને ભાંડની સાથોસાથ લોકજીવનને સંસ્કારના રામલીલા, લોકકથાઓ, લોક-સંગીત, સંતવાણી અને ગાગરિયા માણભટ્ટોની ગૌરવપૂર્ણ પરંપરાગત ધરોહર આપણું ગૌરવ છે.

ગુજરાતની લોકજાતિઓ, તેમનાં વસ્ત્રાલંકારો, લોક ઉત્સવો-પર્વો, મેળા, લોકસંગીત, લોકનૃત્ય, લોકકથા, ખાનપાન, પશુ-શણગારો, રમકડાં, લોકમનોરંજન કરાવનારી લોકજાતિઓ, હસ્તલિખિત પોથીઓ, કાષ્ઠશિલ્પ, હવેલી સ્થાપત્ય, ઘરેલું ભીંતચિત્રો, કાચચિત્રો, આદિવાસી ભીતિચિત્રો, લોકભરત, મોતીપરોવણું, કટાણકામ,

ઉપરાંત લોક-સંસ્કૃતિના વિવિધ પાસાની વિગતપૂર્ણ ચર્ચા કરી છે.

**લોકજાતિઓ - વસ્ત્રાલંકારો :**

લોક સંસ્કૃતિનો સાચો પરિચય પામવા માટે લોક-સમાજનો અભ્યાસ અતિ આવશ્યક બની રહે છે. ગુજરાતના લોકજીવનમાં રંગબેરંગી કલામય પોશાકના અસંખ્ય પ્રકારો સાંપડે છે. જાતિઓ પ્રમાણે જુદાજુદા પહેરવેશ અને નારીની મરજાદ સાચવે એવા એનક અદભૂત રંગો અને ભાતીગળ ભરત શરીરનો શણગાર બનાવે છે. પરંપરાગત પહેરવેશની સાથે ચણવટ વીછિયાં, કડલાં, કાલિયું, ઝૂમણાં, ટંથિયાં, ત્રેશિયાં વગેરે અવનવા ઘાટના ઘરેણાંઓ નાર-નારીઓ અંગે ધારણ કરે છે. ઉલ્લાસ અને ઉત્સવપ્રિય લોકજન, મહેંદી, છૂંદણાંને અવનવા સંસ્કાર અને જરૂરિયાતથી કળામયકહી શકાય એવા જોડા પણ અસ્તિત્વમાં છે.

**ઘર શણગારના સંસ્કાર :**

ગુજરાતમાં સૌંદર્યનો સંસ્કારફક્ત શરીર શણગાર પૂતતો જ મર્યાદિત નથી. લોકનારીઓ એમના ઓરડાનેઅનેશેરીયુને ગાર્ય, ગોરમટી, ખડી અને ચોકળીથી ઓપાવે છે. વારે તહેવારે ચીતર અને ભાતીગળ ભરતથી શોભાવે છે. માળી, માંડ, પટારા, મજૂસ, કોઠી, કોઠલા વડે ઓરડાની શોભાસજ્જા વધારી, પંથ્રના લાડકડા દીકરા-દીકરિયુંની જેમ માનીતા પશુ-પ્રાણીઓ માટે પણ ભાતીગળ ભરત ભરીને લોકકળાના પરંપરાના પ્રવાહને લોકસંસ્કૃતિ સાગર ભણી વહેતો મૂકે છે.

**લહેકાપૂર્ણ લોકબોલીઓ :**

ગુજરાતના વિવિધ પંથકોના વિહાર કરતી લોકબોલીના અભ્યાસ વિના લોકસંસ્કૃતિનો અભ્યાસ અધુરો રહે. બારગાઉએ બોલી બદલાય એ કહેવત અનુસાર ગુજરાત વિભિન્ન ભાગોમાં સોરઠી, વાગડી, ચરોતરી, મારવાડી, કચ્છી, ભીલી, સુરતી વગેરે લહેકાપૂર્ણ લોકબોલીએ તો ભાષાશાસ્ત્રીઓ માટે ઘણું બધું ભાથું પૂરૂં પાડે છે. આ લોકબોલીઓમાં તળપદા શબ્દો, કહેવતો અને પાર વગરના રૂઢિપ્રયોગો રમતા જોવા મળે છે. મનોરંજન કરાવનારી લોકજાતિઓ પાસે વિશિષ્ટ બોલીઓ સચવાયેલી જોવા મળે છે.

**ઉત્સવોના ઉમંગ :**

લોકજીવનમાં આનંદનો અબીલગુલાલ ઉડાવતા ઉત્સવો, તહેવારો અને મેળાનું મહાત્મ્ય તો વળી અનેરા પ્રકારનું જ છે. હોળી, ગોકુળઆઠમ, અષાઢીબીજ, દિવાસો અને વસંત ઉત્સવ જેવા ઋતુઓના રંગો ઝીલીને આવતાં પર્વો પ્રસંગે જોવા મળતી મેદની, ઘોડાદોડ, કચ્છી રબારીઓની ઊંટદોડ અને ભાલપ્રદેશના ખેડૂતોની સાંતીદોડ જોનારના રૂવાડાં ખડા કરી દે છેઅને સાથો સાથ જગ પ્રસિદ્ધ નવરાત્રિ, દિવાળી, ઉત્તરાયણ તો ખરાજ.

**પરંપરિત લોકસંસ્કારો :**

આપણા લોકસંસ્કૃતિના અભ્યાસમાં લોકસંસ્કારોનો સમાવેશ થઇ જાય છે. લોકજીવનમાં સ્ત્રીને સીમંત પ્રસંગે રાખડી બંધાય છે. બાળના જન્મ વખતે થાળી વગાડીને વધામણી અપાય છે. છઠ્ઠા દિવસે છઠ્ઠીની વિધી કરવામાં આવે છે. ફોઇ ફોઇયારું લાવે છે, બાળકનું નામકરણ કરવામાં આવે છે, ઉંમર લાયક બાળકને જનોઇ અપાય છે, લગ્ન લેવાય છે, તે વખતે ઉકરડી નોંતરવાથી માંડીને અનેક વિવિધાઓ શાસ્ત્રીય વિધિઓ અલગ અલગ રીતે કરવામાં આવે છે. આમાની મોટાભાગની વિધિઓ લોકજીવનની નીપજ છે. માનવીના જન્મ થી લઈને મૃત્યુ પછી એનાં મોમાં

ગંગાજળ અને તુલસીપત્ર મૂકવાસુધીના વિવિધ સંસ્કારો અને વિધિઓ કરવામાં આવે છે.

**લોકસમાજની માન્યતાઓ અને રૂઢિઓ :**

લોકજીવનમાં શુકન-અપશુકન, શ્રદ્ધા-અંધશ્રદ્ધા અને કેટલીક રૂઢ માન્યતાઓ અને વહેમો જાણીતા છે. સારા કામે જતા કોઇ છીંક ખાય, --- આડો ઉતરે, વિધવા સ્ત્રી સામે મળે કે કોઇ કિનિપા કે ક્યાં ઉપડ્યા એમ પૂછે તો અપશુકન માને છે. સંધ્યા ટાણે નેવા નીચે સૂવાથી માતાજીનો રથ ફરી વળે અને અપંગ થઇ જવાય. રૂપાળા બાળકને કાન પાસે અને પગનાં તળિયે મેસનો ચાંલ્લો ન કરીએ તો નજર લાગી જાય. સવારના પહોરમાં કાગડો બોલે તો કોઇ મહેમાન આવે, હેડકી આવે તો કોઇ યાદ કરે, જીભ કચરાય તો કોઇ ગાળ દેતું હશે, તેવી અસંખ્ય લોકમાન્યતાઓ ગુજરાતનાં લોકજીવન અત્યંત પ્રમાણમાં ચાલ્યા કરે છે અને વિશ્વાસ ધરાવે છે.

**આરોગ્યપોષક લોકરમતો :**

લોકરમતો એ પણ લોકસંસ્કૃતિની એક કિંમતી કલા છે. છોકરાઓ મોઇદાંડિયા, ગેડીદડો, ભગડતી, આંબલી-પીપળી, ડબકોડોળો, ચોળકાંબડી, ફળિયું જીતવું, હોળી કૂદવી જેવી રમતો રમે છે તો છોકરીઓ ડોયરો કૂદવી, ટચાકરી લડી, દાતો ફફરી, ચકી ખાંડે ચોપલા, ચલક-ચલાણું, ઇકાપોપટડી, ઢબું ને જબું વગેરે રમતો હોંશભેર રમે છે. જ્યારે મોટા પુરુષો લાકડી અને તલવાર સમણવી, ચોપાટવાજી, સાપસીડી, ઘોડાદોડ, નવકૂંચી અને હોળી પર આંબલીનું ડાળું કાઢવાની રમતો રમે છે. આવી અનેક પ્રકારની રમતો આદિવાસીઓમાં પણ જાણીતી છે.

**વીરતાની વાતો કરતા પાદરનાં પાળિયા :**

વીરતાની યશપતાકા લહેરાવતા ગામેગામ ઉભેલા પાળિયાને લોકસંસ્કૃતિના મહત્વના આધારસ્તંભો ગણી શકાય. પાળિયા દ્વારા લોકસમાજનો ઇતિહાસ જ નહીં પણ માનવીનો મિજાજ, ખુમારી, એ કાળના પહેરવેશ, હથિયારો, રિવાજો વગેરેની માહિતી સુપેરે સાંપડે છે. પાળિયા એ વીર ને પિત્રુપૂજાના પ્રતીક છે.

**નિષ્કર્ષ :**

આમ, લોકસંસ્કૃતિલોકજીવનની રહેણી-કરણી, આચાર-વિચાર અને ટેવોમાંથી કાળક્રમે આચારસંહિતાનું સ્વરૂપ ધારણ કરે છે. ગુજરાતની લોકસંસ્કૃતિમાંથી સાદ દેતાઉત્સવો, આતિથ્યસત્કાર, માનવીની ટેક, ખાનદાની, દિલાવટી, પરોપકાર, શીલ અને સૌંદર્યનો સંસ્કાર લોકજીવનનો મહામૂલો વારસો છે. ગૌરવ લઇ શકાય એવા ગુજરાતના આ વારસાને આરામપ્રધાન પ્રમોદને પોષ્યો નથી પણ શ્રમપ્રધાન પુરુષાર્થને પ્રબોધ્યો છે. અનેકતાઓની વચ્ચે પણ એકતાની આલમેલ પોકારી છે, ત્યારે આ વારસાનો ગૌરવપૂર્ણ પરિચય એ સંશોધકનો વિનમ્ર પ્રયાસ છે, જેથી નવી પેઢીઆ કલાવારસામાં રસ લેતાં થાય. લોકસંસ્કૃતિની વિરાસત વારસો સચવાય રહે છે તથા નવી પેઢી પોતાના વિરાટ વારસાથીમાહિતગાર રહે એ માટે આપણે પ્રયત્ન કરવા જોઇએ.

**સંદર્ભસૂચી :**

૧. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ – ૨, પરીખ છોટાલાલ

૨. ગુજરાતના લોકગીતો, મધુભાઇ લલ્લુભાઇ પટેલ

૩. પંચમહાલનાં આદિવાસીના વિકાસ યાત્રા – ડૉ. અરૂણ વાઘેલા, પાર્શ્વ પબ્લિકેશન

૪. આઝાદીના જંગમો આદિવાસી રંગ – ડૉ. અરૂણ વાઘેલા, અક્ષર પબ્લિકેશન

૫. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, પરીખ રસીકલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ

૬. ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત – લેખક – જોરાવરસિંહ જાદવ, વર્ષ ૨૦૧૦, સરકારી ફોટો લિયો પ્રેસ, અમદાવાદ

**પરમાર સરોજબેન રમેશભાઈ**
પીએચ.ડી. સ્કોલર
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
માર્ગદર્શકશ્રી
**ડૉ. જયેશકુમાર એચ. વાઘેલા**
આસી. પ્રોફેસર,
એમ. એન્ડ વી. આર્ટસ અને કોમર્સ કોલેજ, હાલોલ.